| SAURASHTRA UNIVERSITY<br>[ Re-Accredited "A" Grade By NAAC ]<br>[ 3rd Cycle ] | Exam Section,<br>Exam Cell Section,<br>Saurashtra University<br>University Road,<br>Rajkot-360005 |
|---|---|
| Phone No. 0281 - 2576511, 2576040, 2576050. | Exactions no. ✱ 708,709, 710 Fax No.0281 - 2586411 |
| exam06@sauuni.ac.in | www.saurashtrauniversity.edu |


No. Exam_Cell / 381 /2020 Date :- 28 - 02 -2020

**પરિપત્ર :–**

**સંદર્ભ :–** (૧) આચાર્યશ્રી, દિગ્વીજયગ્રામ ગ્રામ પંચાયત સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દિગ્વીજયગ્રામનો તા.૨૦–૦૨–૨૦૨૦ નો પત્ર ક્રમાંક : ૯૬ / ૨૦૨૦.

(૨) વિભાગની તા.૨૭–૦૨–૨૦૨૦ ની નોંધ પર મળેલ આદેશ.

(૩) કોલેજના તા.૨૦–૦૨–૨૦૨૦ ના પત્ર પર મળેલ માન. કુલપતિશ્રીના આદેશ.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને, અનુસ્નાતક કેન્દ્રનાં નિયામકશ્રીઓને તેમજ માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ–૧ પરનાં પત્રની વિગતે કોલેજમાં બી.કોમ. સેમેસ્ટર–૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી સિંઘવ યોગેશ એલ. એ કોલેજના પ્રાધ્યાપકશ્રી તેમજ આચાર્યશ્રીને અપશબ્દો બોલેલ તેમજ હાથ ઉપાડી જાનથી મારી નાખવાની ધમકી આપેલ જે અન્વયે આચાર્યશ્રી ધ્વારા તેમના વિરૂધ્ધ એફ.આર.આઈ. કરાવેલ હોય તેનું એનરોલમેન્ટ રદ કરવા વિનંતી કરેલ.

સંદર્ભ–૨ પરની નોંધ પર પરીક્ષા નિયામકશ્રીના મળેલ આદેશ તેમજ સંદર્ભ–૩ પરનાં પત્ર પર માન. કુલપતિશ્રીના ધ્વારા ઉકત વિદ્યાર્થીને યુનિવર્સિટી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ નં.૧૬૯૯૯, તા.૧૧–૦૬–'૧૮ તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માં ઉકત કોલેજમાં કરવામાં આવેલ એનરોલમેન્ટ નં. ૦૦૨૧૦૧૧૮૧૪૪૮૫ તાત્કાલિક અસરથી રદ કરવાના મળેલ આદેશ મુજબ પી.ઈ.સી. તેમજ એનરોલમેન્ટ આથી રદ કરવામાં આવે છે.

વધુમાં શ્રી સિંઘવ યોગેશ એલ. ધ્વારા અસામાજીક કૃત્ય કરવામાં આવેલ હોય આથી તમામને જણાવવામાં આવે છે કે તેમને ભવિષ્યમાં અત્રેની યુનિવર્સિટીના કોઈપણ સ્નાતક / અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાનો રહેશે નહિ જેની ખાસ નોંધ લેશો.

sd/-

પરીક્ષા નિયામક

**પ્રતિ,**

૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...
૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તરફ...
૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના નિયામકશ્રીઓ તરફ...
૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તરફ...

(જાણ તથા ધ્યાન પર લેવા અર્થે)

**નકલ રવાના :–**

૧) માન. કુલપતિશ્રી / માન. ઉપકુલપતિશ્રી અંગત સચિવશ્રી તરફ...
૨) કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૩) પરીક્ષા વિભાગના તમામ વિભાગો તરફ...
૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તમામ અન્ય વિભાગો તરફ...

(જાણ તથા ધ્યાન પર લેવા અર્થે)